APPENDIX X

*
*
* * * *

The 16 P.F. Questionnaire

(Gujarati version with courtesy of Kum.N.K.Trivedi)

*******

# સોળ વ્યક્તિત્વલક્ષણો માપતી પ્રશ્નાવલિ

[ પીએચ. ડી. ના અભ્યાસ માટે તૈયાર કરેલું સંશોધન ઉપકરણ ]

◆


∗ રચયિતા ∗

રેયમન્ડ કેટલ

હર્બર્ટ એબર


◆

# The 16 PF TEST

**(For young adults and adults)**

**(FORM B)**

◆


∗ ગુજરાતી રૂપાંતરકાર ∗

પ્રા. કુ. નલિની એચ. ત્રિવેદી

એમ. એ., એમ. એડ્.

## ઉત્તરદાતા માટે સૂચના :

આ પુસ્તિકામાં તમારાં વલણ અને રસ ચકાસવા માટે કેટલાક પ્રશ્નો છે. તમારે તમારા મત પ્રમાણે પ્રશ્નોના જવાબ આપવાના છે. પ્રશ્નમાં સાચો અથવા ખોટો જવાબ નથી. પ્રશ્નના જવાબ આપવા માટે જુદું ઉત્તરપત્ર આપવામાં આવ્યું છે. આ પુસ્તિકામાં કંઈપણ લખાણ અગર નિશાની કરવાની નથી.

દરેક પ્રશ્નના ત્રણ શકય જવાબો આપેલા છે. તમારે એ ત્રણમાંથી એક જવાબની પસંદગી કરીને તમારો અભિપ્રાય જણાવવાનો છે. પુસ્તિકામાં દરેક પ્રશ્નના अ ब क એમ ત્રણ જવાબો આપેલા છે. તે જ રીતે ઉત્તરપત્રમાં પ્રશ્ન ક્રમાંકની સામે अ ब क એમ ત્રણ ખાનાં આપ્યાં છે. તમારે તમારા અભિપ્રાય પ્રમાણે યોગ્ય ખાનામાં ખરાની [ ✓ ] નિશાની કરી જવાબ આપવાનો છે.

**ઉદાહરણ :**

૧. પૈસાથી હંમેશાં સુખ મળતું નથી.

( અ ) હા   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) ના

આ પ્રશ્નમાં જો તમારો જવાબ 'હા' હોય તો તમારે ઉત્તરપત્રમાં એક નંબરની સામે 'અ' ના ખાનામાં ખરા [ ✓ ] ની નિશાની કરવાની રહે. ઉત્તરપત્રને મથાળે આવી નિશાની ઉદાહરણ તરીકે કરી બતાવી છે.

૨. મને નીચેના જેવા માણસો ગમે.

( અ ) જે ઝડપથી બીજા સાથે ભળી ન શકે.
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે.
( ક ) જે ઝડપથી મિત્રો બનાવી શકે.

આ પ્રશ્નમાં તમારો જવાબ 'ક' હોય તો તમારે ઉત્તરપત્રમાં બીજા નંબરની સામે 'ક' ના ખાનામાં ખરાની [ ✓ ] નિશાની કરવાની રહે. ઉત્તરપત્રને મથાળે આવી નિશાની ઉદાહરણ તરીકે કરી બતાવી છે.

**જવાબ આપતી વખતે નીચેની બાબતો ખ્યાલમાં રાખવા વિનંતી :**

૧. પ્રશ્ન પર વધુ વિચાર કરવા થોભશો નહીં. તાત્કાલિક તમારા મનમાં જે પ્રતિભાવ આવે તે જ પ્રમાણે જવાબ આપશો.

૨. શકય હોય ત્યાં સુધી 'અ' અથવા 'ક' માં જ તમારો મત આપવા પ્રયત્ન કરો. જો 'અ' અથવા 'ક' માંથી મત આપવો તમારા માટે ખરેખર અશકય લાગે તો જ 'બ' ના ખાનામાં તમારો મત આપો.

૩. બધા જ પ્રશ્નના જવાબ આપો અને કોઈ પ્રશ્ન બાકી ન રહે તેની કાળજી રાખો. કેટલાક પ્રશ્નોની પરિસ્થિતિ તમને લાગુ પડે તેવી ન હોય તો પણ તમારી માન્યતા ચોક્કસ દર્શાવો. કેટલાક પ્રશ્નો કદાચ અંગત લાગે તો પણ વિના સંકોચે તમારો સાચો અભિપ્રાય જણાવશો. આ પ્રશ્નાવલિ સંશોધન માટે જ છે અને તમારા બધા જ અભિપ્રાય ખાનગી રહેશે.

૪. આ પ્રશ્નાવલિમાં પ્રમાણિકપણે, વિના સંકોચે આપનો જ મત જણાવવા વિનંતી છે. શું સારું લાગશે તેનો વિચાર ન કરશો.

આપને ફરી જણાવવાનું કે આ પુસ્તિકાના પ્રશ્નના જવાબ જુદા આપેલ ઉત્તરપત્રમાં જ દર્શાવવાના છે. પુસ્તિકામાં કાંઈ પણ લખાણ કે નિશાની કરવાની નથી.

પ્રશ્નોના જવાબ આપવાનું શરૂ કરો તે પહેલાં ઉત્તરપત્રને મથાળે માગેલી વિગત પૂરેપૂરી ભરી છે કે કેમ તે ચકાસી લેવા વિનંતી.

# સોળ વ્યક્તિત્વલક્ષણો માપતી પ્રશ્નાવલિ

૧. વેકેશન માટે હું નીચેની જગ્યાએ જવાનું પસંદ કરું.
( અ ) ધમાલ ભરેલું પર્યટનનું સ્થળ.
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) જાહેર માર્ગથી દૂર એવા કોઈક શાંત સ્થળે.

૨. નીચેનામાંથી કયો શબ્દ બીજા બે કરતાં જુદો પડે છે ?
( અ ) કૂતરું ( બ ) પક્ષી ( ક ) ગાય

૩. જ્યારે હું નાની સાંકડી જગ્યામાં હોઉં છું ત્યારે મને "પૂરી દીધાં છે" તેવી લાગણી થાય છે.
( અ ) કદી નહિ ( બ ) ભાગ્યે જ ( ક ) કોઈક વખત

૪. બીજા માણસની વિચારસરણીમાં મને ભૂલ લાગે તો
( અ ) હું શાંત રહું છું. ( બ ] 'અ' અને 'ક' ની વચ્ચે. ( ક ) હું બોલી ઊઠું છું.

૫. મને રમૂજી ટુચકા તથા રમૂજી વાતો કહેવાનું બહુ ગમતું નથી.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૬. પોતાના સમાજની સેવા કરીને ઘસાઈ જવું તેના કરતાં સુખથી વૃદ્ધાવસ્થાને આરે પહોંચવું વધુ સારું છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૭. કલબ, જૂથ કે એવાં સામાજિક મંડળ રચવામાં મેં આગળ પડતો ભાગ લીધેલો છે.
( અ ) હા, ઘણીવાર ( બ ) અવારનવાર ( ક ) કદી નહિ

૮. મારાથી લાગણીવશ થઈ જ જવાય છે.
( અ ) ભાગ્યે જ ( બ ) કેટલીક વાર ( ક ) વારંવાર

૯. મને ખૂબ ઝડપથી લાગી આવે અને હું સહેલાઈથી ગુસ્સે થાઉં એવા મુદ્દાઓ ઘણા ઓછા છે.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૧૦. સામાન્ય કલ્પનાથી એમ લાગે કે આ જરૂરી નથી છતાં પણ રોજિંદાં કામો પૂર્ણ કરવાં જ જોઈએ તેમ હું માનું છું.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૧૧. મૃત્યુ અંગેની હસવું આવે તેવી રમૂજી વાત કરવી એ કાંઈ ખોટું નથી.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૨. સમાજના વર્તુળમાં રહેવા છતાં મને કેટલીકવાર એકાકીપણાની અને નકામા હોવાની લાગણી થાય છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક'ની વચ્ચે ( ક ) ના

૧૩. હોટેલમાં મને ખરાબ ખાવાનું મળે તો વેઈટરને અથવા મેનેજરને ફરિયાદ કરવી જોઈએ તેમ હું માનું છું.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક'ની વચ્ચે ( ક ) ના

૧૪. અન્ય લોકોની સરખામણીમાં મેં
( અ ) ઘણી સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે.
( બ ) કેટલીક સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે.
( ક ) બહુ જ થોડી સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે

૧૫. જ્યારે હું કામનું આયોજન કરું ત્યારે ઘણીવાર કેટલીક બાબતોને 'આવશે ત્યારે જોઈ લેવાશે' તેમ કરી છોડી દઉં છું.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૧૬. મારે કંઈક જોઈતું હોય પણ મને ખ્યાલ ન આવે કે શું જોઈએ છે તેવો અજંપો મને થાય છે.
( અ ) ભાગ્યે જ ( બ ) અવારનવાર ( ક ) ઘણીવાર.

૧૭. કારખાનામાં નીચેના પ્રકારનું કામ કરવું રસપ્રદ થઈ પડે :
( અ ) મશીન પર કામ કરવું.
( બ ) અનિશ્ચિત
( ક ) લોકોની મુલાકાત લેવી અને કામ પર રાખવા.

૧૮. નીચેની ત્રણ સંખ્યામાંથી કઈ સંખ્યા બીજી બે કરતાં જુદી પડે છે ?
( અ ) ૭ ( બ ) ૯ ( ક ) ૧૩

૧૯. બિલકુલ નજીવી મુશ્કેલીઓ પર મને વારંવાર વિચારો આવે છે અને તે વિચારો મનમાંથી દૂર કરવા મુશ્કેલ બને છે.
( અ ) હા ( બ ) પ્રસંગોપાત્ત ( ક ) ના

૨૦. મારા વિચારો.
(અ) સમયની આગળ હોય છે ( બ ) અનિશ્ચિત (ક) સમયની સાથે હોય છે.

૨૧. કોઈપણ જાતના ઈર્ષાના ભાવ વિના મને અન્ય માણસોની મશ્કરી, મજાક કરવી ખૂબ જ ગમે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૨૨. લોકો તેમનો ફુરસદનો વધુ પડતો સમય સ્થાનિક કામમાં મદદ કરવા માટે અને પાડોશી તરીકેની ફરજ બજાવવામાં વાપરે છે.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૨૩. મારી જાત વિષે મને ખાતરી નથી તેથી સમાજમાં મારે વર્તવું જોઈએ તે રીતે વર્તી શકાતું નથી તેવું મને કેટલીકવાર લાગે છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક'ની વચ્ચે ( ક ) ખોટું

૨૪. હું નીચેના વિષય પર પુસ્તક વાંચવું પસંદ કરું :
( અ ) ધાર્મિક શિક્ષણ ( બ ) અનિશ્ચિત ( ક ) આપણાં રાષ્ટ્રીય રાજકીય મંડળો.

૨૫. હોવી જોઈએ તેથી વધુ મિત્રતા બતાવતા માણસોની પ્રમાણિકતા વિષે મને શંકા થાય છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક'ની વચ્ચે ( ક ) ખોટું

૨૬. લોકોને હું સલાહ આપું કે,
( અ ) કામમાં આગળ વધો અને પ્રયત્ન કરો, પ્રયત્ન કરવામાં કાંઈ હાનિ નથી. (બ) 'અ' અને 'ક'ની વચ્ચે.
( ક ) કામનો પહેલાં બરાબર વિચાર કરો, ઝુકાવીને મૂર્ખા ન બનો તે જોજો.

૨૭. કામ કરવાનો સારામાં સારો માર્ગ કયો છે તે મારી જાતે શોધવાને બદલે બીજા મને કહે તે મને ગમે છે.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૨૮. મને મારા મિત્રોની જેટલી જરૂર છે તેટલી તેઓને મારી જરૂર નથી તેવું મને લાગે છે.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૨૯. આરામ મળે તેવી પ્રવૃત્તિ માટે હું
( અ ) રમતગમત પસંદ કરું ( બ ) અનિશ્ચિત ( ક ) ચર્ચા તથા બૌદ્ધિક રમતો પસંદ કરું

૩૦. મને મારા સાથીઓ કરતાં મારી ચોપડીઓ વધુ મનોરંજન પૂરું પાડે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૩૧. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું, ખાવું, કામ કરવું વગેરે પ્રવૃત્તિમાં
( અ ) હું આયોજન વગર એક કામથી બીજા કામ તરફ ધસું છું. ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) વિચાર કરીને આયોજિત માર્ગ અપનાવું છું.

૩૨. સવારે ઊઠું ત્યારે ઘણીવાર મને ખૂબ થાક લાગેલો હોય તેવું લાગે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૩૩. મને નીચેના વિષયનું પુસ્તક વાંચવું ગમે
( અ ) બાહ્ય અવકાશમાં મુસાફરી ( બ ) અનિશ્ચિત ( ક ) કુટુંબ દ્વારા મળતું શિક્ષણ

૩૪. 'પ્રગટ કરવું' ના વિરુદ્ધાર્થી શબ્દ તરીકે 'છુપાવવું' કરતાં 'ગુમાવવું' વધારે સારો વિકલ્પ છે ?
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૩૫. મારું જીવન મને ફરીવાર જીવવાની તક મળે તો
(અ) હું તેને જુદી રીતે જીવું. ( બ ) અનિશ્ચિત ( ક ) લગભગ એ જ પ્રકારનું જીવું.

૩૬. લોકોને મૂંઝવણમાં મૂકી દે તેવી વિચિત્ર બાબત બોલવાનું ટાળવું મને ગમે છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૩૭. જીવનમાં
( અ ) મોટાભાગના પ્રસંગો પર 'આનંદો અને મસ્તીમાં જીવો' એ સિદ્ધાંતમાં હું માનું છું.
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે.
( ક ) રોજિંદા જીવનમાં તથા કામમાં યોગ્ય ગંભીરતા હોવી જોઈએ એમ હું માનું છું.

૩૮. નિયમો આપ્યા હોય ત્યારે તેનું અક્ષરશઃ પાલન કરવાને બદલે અંગત રીતે સગવડભર્યું હોય તો તેનું પાલન કરું છું.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૩૯. મને વાતચીત કરવાનું ખૂબ ગમે છે અને અજાણ્યા સાથે વાત કરવાની તક હું ભાગ્યે જ જતી કરું છું
(અ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૪૦. મને વર્તમાનપત્રમાં નીચેના મથાળાવાળા સમાચાર વાંચવા વધુ ગમે.
( અ ) "ધાર્મિક આચાર્યોએ કરેલ ધર્મ-ઐક્યની ચર્ચા" ( બ ) અનિશ્ચિત
( ક ) "ઉત્પાદન અને બજારમાં સુધારા"

૪૧. બીજા પર દોષારોપણ કરી શકાય તેમ હોય છતાં પણ મોટાભાગના લોકો પોતાનો ગુનો કબૂલ કરવામાં વાંધો જોતા નથી.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૪૨. મારા માટે
( અ ) મારા વિચારો મુક્તપણે વ્યક્ત કરવાનું વધુ અગત્યનું છે.
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે.
( ક ) લોકો સાથે સારા સંબંધો રહે તે વધુ અગત્યનું છે.

૪૩. મને દિવાસ્વપ્નો માણવાં ગમે છે.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૪૪. જો કોઈ મારે માટે કાંઈ ખોટું વિચારે તો
( અ ) હું ભાગ્યે જ તેની ચિંતા કરું.
( બ ) હું કોઈકવાર તેની ચિંતા કરું.
( ક ) હું વારંવાર તેની ચિંતા કરું.

૪૫. ઊંડા વિચારમાં હોઉં અને ક્યાંક અથડાઈ પડું તેવું મારે બન્યું છે.
( અ ) ભાગ્યે જ ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) કેટલીકવાર

૪૬. મને ખરેખર સારી રીતે ઓળખવો અઘરો છે તેમ મારા મિત્રો બનતા સુધી માને છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૪૭. મુશ્કેલ અને અણગમતી આડખીલીઓ આવે તો પણ હું હંમેશાં મારા મૂળ ધ્યેયને વળગી રહું છું.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૪૮. કેટલીક વાર બિલકુલ નકામા વિચારો અને નકામી યાદગીરીઓ મારા મનમાં આવે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૪૯. એક જ પગાર માટે મને નીચેનું કામ કરવું ગમે :
( અ ) રસાયણશાસ્ત્રમાં સંશોધક ( બ ) અનિશ્ચિત ( ક ) હોટેલ મેનેજર

૫૦. નીચેના ત્રણ શબ્દમાંથી કયો શબ્દ બીજા બે કરતાં જુદો પડે છે ?
( અ ) ડહાપણવાળો ( બ ) સુંદર ( ક ) દયાળુ

૫૧. મારા જીવન અને કામ અંગેના નિર્ણયો લેવામાં મને મારા કુટુંબ તરફથી ગેરસમજની મુશ્કેલી ઊભી થઈ નથી.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૫૨. અજાણ્યા શહેરમાં
( અ ) મને પસંદ પડે તે જગ્યાએ ફરું. ( બ ) અનિશ્ચિત
( ક ) શહેરના ભયજનક કહેવાતા ભાગમાં જવાનું ટાળું.

૫૩. જ્યારે મારા મિત્રો મઝાની વાતચીતમાં ગૂંથાયેલા હોય ત્યારે
( અ ) હું કેટલીક વાર વિવેકભરી રીતે સાંભળવાનું પસંદ કરું.
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) બીજા બધાં કરતાં વધુ બોલવું પસંદ કરું.

૫૪. કામ કરતી વખતે ખૂબ જ સારી રીતે કામ કરતાં કરતાં અગત્યનાં માણસોની નજરમાં પ્રિય બનવું વધુ અગત્યનું છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૫૫. મારા સામાજિક સંબંધોમાં કોઈ પણ કારણ વિના હું કેટલીકવાર લઘુતાની ભાવનાથી પીડાઉં છું.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૫૬. મને નીચેની રીતે કામ કરવું ગમે :
( અ ) મારા હાથ નીચે કેટલાક માણસો હોય ( બ ) અનિશ્ચિત
( ક ) મારે કમિટી [ સમિતિ ] સાથે કામ કરવાનું હોય

૫૭. હું મુશ્કેલીમાં આવી પડું તેવું કોઈને પણ ન ગમે.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૫૮. વ્યક્તિ માટે નીચેના અંગે ફિકર કરવી વધુ અગત્યની છે.
( અ ) જીવનનો પાયાનો અર્થ ( બ ) અનિશ્ચિત
( ક ) કુટુંબને માટે સારી આવક ઊભી કરવી.

૫૯. ઝડપથી નિર્ણય લઈ શકાય તેવા રોજિંદા કામને બદલે રોજિંદા ન હોય તેવા નિર્ણયો લેવાની પરિસ્થિતિ ઊભી કરે તેવું કામ મને વધુ ગમે.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૬૦. ગમે તેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તો પણ મારો જુસ્સો સામાન્યપણે ઊંચો રહે છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૬૧. મારા વર્તમાનપત્રમાં મને નીચેની બાબતો આવે તે ગમે :
( અ ) આધુનિક જગતના પાયાના સામાજિક પ્રશ્નોની ચર્ચા
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) વિગતવાર બધા જ સ્થાનિક સમાચારો

૬૨. કોઈ પ્રશ્નનો ઉકેલ શોધવા માટે
( અ ) મને એકલા બેસી તેનો અભ્યાસ કરવો વધુ અનુકૂળ પડે.
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) બીજાઓ સાથે તેની ચર્ચા કરવી વધુ અનુકૂળ પડે.

૬૩. જ્યારે ઝડપી નિર્ણય લેવાનો હોય ત્યારે
( અ ) હું શાંત રીતે તર્કબદ્ધ હેતુલક્ષી વિચારધારા પર આધાર રાખું છું.
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) ઉશ્કેરાટ અનુભવું છું અને મારાથી સ્પષ્ટ રીતે વિચારો થઈ શકતા નથી.

૬૪. ચર્ચા દરમિયાન મારા અવાજ પર કાબૂ ન રાખી શકું તેવી પરેશાની મને કદી થતી નથી.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૬૫. કોઈ પણ કાર્ય માટે ફાળો ઉઘરાવવાનું અથવા તો ફરીને ચીજવસ્તુઓ વેચવાનું કામ મારે માટે
( અ ) ખૂબ આનંદદાયક થઈ પડે ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે. ( ક ) કંટાળો ઉપજાવે એવું થઈ પડે.

૬૬. 'પ્રતિમા' ( સ્ટેચ્યુ ) ને 'આકાર' સાથે જેવો સંબંધ છે તેવો જ સંબંધ 'ગીત' ને કોની સાથે છે ?
( અ ) સુંદરતા ( બ ) સૂર ( ક ) લય ( ટયુન )

૬૭. વાતાવરણમાં ફેરફાર થાય તો સામાન્ય રીતે તેની મારી કાર્યદક્ષતા અને 'મૂડ' પર અસર થતી નથી.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૬૮. જીવનમાં
( અ ) લોકો સાથેનું સરળ સહઅસ્તિત્વ વધુ અગત્યનું છે. ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) પોતાના વિચારો અમલમાં મૂકવાનું વધુ અગત્યનું છે.

૬૯. મારાથી વિરુધ્ધ જાતિની વ્યક્તિ સાથે મૂંઝવણ ઉપજાવે તેવા મુદ્દાઓ પર બોલવાનું ટાળું છું.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૭૦. મને મારી શક્તિ અને મારો સમય નીચેનામાં રોકવો ગમે :
( અ ) મારું ઘર અને મારા મિત્રોની ખરી જરૂરિયાતોમાં ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) સામાજિક કાર્યો અને અંગત શોખમાં

૭૧. વ્યક્તિઓના સંગમાં મને અડવું લાગે છે અને મારાથી વર્તવું જોઈએ એ રીતે વર્તી શકાતું નથી.
( અ ) હા ( બ ) કેટલીકવાર ( ક ) ના.

૭૨. મને હંમેશાં યંત્રમાં રસ પડે છે. દા. ત. મારી સાઇકલ કે મોટર.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૭૩. મુખ્યત્વે પકડાઈ જવાની બીકથી જ લોકો અપ્રમાણિક બનતા અથવા ગુનાહિત કૃત્ય કરતાં અટકે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૭૪. 'સારામાં સારી વસ્તુઓ જિંદગીમાં મફત મળે છે.' એમ કહેનારા બેપરવાહી માણસોએ સામાન્ય રીતે જિંદગીમાં ઘણું કામ કર્યા વગર જ મેળવ્યું હોય છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૭૫. ઘરની બહાર જવાનું ન મળે અને લાંબો સમય સુધી ઘરમાં જ રહેવાનું થાય તો મને 'ઉદાસીનતાની' અને 'નકામા થઈ ગયાની' લાગણી થાય છે.
( અ ) હંમેશાં ( બ ) કેટલીકવાર ( ક ) ભાગ્યે જ.

૭૬. જ્યારે મારા કામમાં એક પછી એક નાની નાની બાબતો બગડવા લાગે ત્યારે
( અ ) હું મારું કામ પહેલાંની જેમ જ ચાલુ રાખું છું. ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે.
( ક ) નિરાશાની લાગણી અનુભવું છું.

૭૭. હું નીચેના પ્રકારનું ચલચિત્ર જોવાનું પસંદ કરું :
( અ ) પ્રહસન અથવા તો ભવિષ્યના સમાજ પર હળવો કટાક્ષ કરતું ચિત્ર
( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે. ( ક ) સાહસભર્યાં નવનિર્માણનું ચિત્ર

૭૮. સમૂહમાં બહાર જવાની ટ્રીપ ( સફર ) ગોઠવવામાં
( અ ) મારી જાતને તે કામમાં પૂરેપૂરી રોકી દેવામાં મને આનંદ આવે. ( બ ) અનિશ્ચિત
( ક ) સફરમાં જવાની ના પાડવાનો મારો હક હું પકડી રાખું.

૭૯. મારા મિત્રો કંઈ કામ કરતા હોય તેમાંથી મને બાકાત રાખે તો હું
( અ ) ધમાલ કરું છું. ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) આ માટે કંઈક કારણ હશે તેમ માની શાંતિથી તે સ્વીકારું છું.

૮૦. જે માણસોનો મને પરિચય નવો જ હોય તેવા માણસો માટે મને ગમા-અણગમાની લાગણી તરત બંધાતી નથી.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૮૧. મુસાફરી કરતી વેળાએ મને લોકો સાથે વાત કરવા કરતાં બહારનાં દૃશ્યો જોવાં વધુ ગમે.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૮૨. નીચેના ત્રણ શબ્દોમાં કયો શબ્દ બીજા બે કરતાં જુદો પડે છે ?
( અ ) ગણગણવું ( બ ) બોલવું ( ક ) સીટી મારવી.

૮૩. મને ખ્યાલ હોય કે હું અશક્ય બાબત માટે માંગણી કરું છું, છતાં પણ 'ના' નો સ્વીકાર કરવાનું મારા માટે મુશ્કેલ બને છે.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૮૪. મારા ઉપરીના દૃષ્ટિકોણ સાથે હું અસંમત હોઉં તો
( અ ) મારો અભિપ્રાય આપવાનું ટાળું છું. (બ) અનિશ્ચિત (ક) મારો અભિપ્રાય તેમનાથી જુદો છે તેમ જણાવું છું.

૮૫. વધુ ઉત્સાહ માટે વધુ ઉશ્કેરાટભર્યા વાતાવરણ માટે હું હંમેશાં તડપું છું.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૮૬. બે કામની વચ્ચેનો સમય બગડતો અટકાવવા માટે મને તે માટે આયોજન કરવું ઇચ્છનીય લાગે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૮૭. મારા વિચારોને સહેલાઈથી શબ્દો દ્વારા મૂર્ત કરી શકાતા નથી અને તેથી મોટા ભાગના માણસોની જેમ મારાથી વાતચીતમાં સહેલાઈથી ભાગ લઈ શકાતો નથી.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૮૮. યંત્ર સાથે કામ કરતા એન્જિનિયર કરતાં દાર્શનિક (ફિલોસોફર) બનવું વધુ રસપ્રદ બને.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૮૯. આ દુનિયામાં નઠારાં માણસો કરતાં સારાં માણસો જ વધુ હોય છે.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૯૦. કમિટીમાં ચર્ચા દરમિયાન કોઈ વ્યક્તિ મુદ્દા પર આવ્યા વિના ગોળ ગોળ વાત કર્યા કરે તો હું
( અ ) તેને મુદ્દા પર આવવા માટે સૂચવું.
( બ ) અનિશ્ચિત
( ક ) સુમેળ જળવાય તેવો વ્યવહારુ ઉકેલ શોધું.

૯૧. મને ઘણી બધી બાબતો વિશે એટલા બધા ચિત્ર-વિચિત્ર વિચારો આવે છે કે તેને અમલમાં ન મૂકી શકાય.
( અ ) સાચું ( બ ) કેટલીકવાર ( ક ) ખોટું

૯૨. બિલકુલ નાની બાબતો માટે પણ ગુનો કર્યાની અને પસ્તાવાની લાગણી મને તકલીફ આપે છે.
( અ ) હા, વારંવાર ( બ ) કેટલીકવાર ( ક ) ના

૯૩. મંદિરમાં દર્શન માટે અથવા ધાર્મિક પ્રવચનમાં બધાં જ નિયમિત એકઠાં થાય તે ઘણું સારું ગણાય.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૯૪. જ્યારે કોઈ સમક્ષ હૃદય ખોલવાની જરૂર પડે ત્યારે ઘણાં માણસો મારી સમક્ષ તેમના પ્રશ્નો મૂકે છે અને મારી સલાહ માગે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૯૫. કેટલીકવાર મારા મિત્રોની ખરેખર ઘરમાં જ રહેવાની ઇચ્છા હોય તો પણ હું તેમને બહાર જવા તૈયાર કરી શકું છું.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૯૬. મારા પર કામનો ખૂબ જ ભાર હોય ત્યારે મને અપચો જેવી પેટની તકલીફ થાય છે.
( અ ) અવારનવાર ( બ ) ભાગ્યે જ ( ક ) કદી નહીં.

૯૭. મને નીચેનો વ્યવસાય કરવો ગમે.
( અ ) વેપારની પેઢીમાં મેનેજર ( બ ) અનિશ્ચિત ( ક ) આર્કિટેક્ટ

૯૮. 'ઘડિયાળ' અને 'સમય' ને જેવો સંબંધ છે તેવો જ સંબંધ 'દરજી' ને કોની સાથે છે ?
( અ ) માપપટ્ટી ( બ ) કાતર ( ક ) કપડું

૯૯. મને ઘણી વેળાએ લોકો શું કહે છે તેના કરતાં લોકો જે રીતે કહે છે તે પ્રત્યે વધુ માઠું લાગે છે.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૧૦૦. મારા જેટલી જ સફળતા વરેલા માણસો કરતાં હું વધારે યોજનાઓ રજૂ કરી શકું છું, વધારે ઉત્સાહી છું અને વધારે મહત્વાકાંક્ષી છું તેવું મને પ્રમાણિકપણે લાગે છે.
( અ ) હા ( બ ) કેટલીકવાર ( ક ) ના

૧૦૧. મને નીચેના વ્યવસાય વધુ રસપ્રદ લાગે
( અ ) ફિલ્મ એક્ટર ( બ ) અનિશ્ચિત ( ક ) મકાન બાંધનાર

૧૦૨. જ્યારે પણ હું કાંઈ પણ કામ કરું ત્યારે મનમાં ખ્યાલ રાખું છું કે
( અ ) મને તે કામ કરવાની ખરેખર મરજી છે કે કેમ. ( બ ) અનિશ્ચિત
( ક ) મારા સાથીઓ માટે તે કામ માઠાં ફળ આપનારું ન બને.

૧૦૩. જ્યારે મારા વ્યક્તિત્વથી સામી વ્યક્તિ પર સારી છાપ પાડવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે
( અ ) લગભગ હંમેશાં હું સફળ થાઉં છું. ( બ ) કેટલીકવાર સફળ થાઉં છું.
( ક ) સામાન્ય રીતે મારી સફળતા અંગે હું અચોક્કસ હોઉં છું.

૧૦૪. રેડિયો પર આવતા બિલકુલ સામાન્ય કક્ષાના લોકભોગ્ય રમૂજી ટુચકાઓ હું ખૂબ માણું છું.
(અ) હા (બ) 'અ' અને 'ક' ની વચ્ચે (ક) ના

૧૦૫. મારામાં બીજા માણસોના કામની ટીકા કરવાનું વલણ છે.
( અ ) હા ( બ ) કેટલીકવાર ( ક ) ના

૧૦૬. આસપાસના વાતાવરણમાં રહેલી કલા પ્રત્યે ઘણાંખરાં માણસો કરતાં હું વધુ સંવેદનશીલ છું તેમ મને લાગે છે.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૧૦૭. કોઈ વ્યક્તિની મહત્વાકાંક્ષાને કારણે તેના ગાઢ અંગત મિત્રને સહન કરવું પડે તો પણ તે વ્યક્તિ સામાન્ય સારો નાગરિક ગણી શકાય.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૦૮. મને કેટલીક વાર એટલું બધું સુખ મળે છે કે તે સુખ ટકશે કે કેમ તેની મને બીક લાગે છે.
( અ ) સાચું ( બ ) અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૧૦૯. મારા કામમાં વધુ તકલીફ નીચેના જેવા માણસો તરફથી જ ઊભી થાય છે.
( અ ) એવા માણસો જે કામ કરવાની ચીલાચાલુ પદ્ધતિ કાયમ બદલ્યા કરે (બ) અનિશ્ચિત
( ક ) એવા માણસો જે કામ કરવાની આધુનિક પદ્ધતિ અપનાવવાની ના પાડે.

૧૧૦. મારું મિત્રમંડળ મને પોતાના જૂથની જ વ્યક્તિ તરીકે સ્વીકારે તે મને ગમે
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૧૧૧. અસંતુલિત કરી મૂકે તેવી પરિસ્થિતિઓમાં મારાથી જરૂર કરતાં વધુ ઉશ્કેરાઈ જવાય છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૧૨. જો મને કોઈ વ્યક્તિ તરફથી પરેશાની થતી હોય તો.
( અ ) હું તે મારા મનમાં જ રાખું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) મારે અન્ય કોઈ સાથે વાત કરીને મારી હૈયાની વરાળ કાઢવી જ જોઈએ.

૧૧૩. ખેડૂત બનવા કરતાં વીમાના એજન્ટ બનવું વધુ રસપ્રદ થઈ પડે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૧૪. 'જોડવું' અને 'ભેગું કરવું' ને જેવો સંબંધ છે તેવો જ સંબંધ 'ટીમ' ને કોની સાથે છે ?
(અ) ટોળું ( બ ) લશ્કર ( ક ) રમત

૧૧૫. હું મારી જાતે ઉકેલી ન શકું એવા પ્રશ્નો સામાન્ય રીતે દિવસમાં મારી સમક્ષ
( અ ) ભાગ્યે જ એકાદ આવે છે ( ર ) 'અ' અને 'ક' ની વચ્ચે. ( ક ) 'છ' કે વધારે આવે છે.

૧૧૬. લોકો મને કેટલીકવાર મગરૂબી, અભિમાની વ્યક્તિ તરીકે ઓળખે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૧૭. વર્તમાનપત્રની ઑફિસમાં જાહેરાતના વિભાગમાં કામ કરતી વ્યક્તિ અથવા પત્રનો ફેલાવો વધારવા પ્રયત્ન કરતી વ્યક્તિના જીવન કરતાં મુખ્ય મુદ્રકનું જીવન જીવવું વધુ રસપ્રદ બને
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૧૧૮. મને લાગે છે કે મોટાભાગની વાર્તાઓ તથા મોટાભાગનાં ચલચિત્રો બોધપ્રદ હોવાં જોઈએ.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૧૧૯. જ્યારે હું સમૂહમાં હોઉં છું ત્યારે સામાન્ય રીતે
(અ) મારી ચારે બાજુ શું બની રહ્યું છે તેની જાણમાં રહું છું. ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) મારા પોતાના અથવા હાથ પરના કામના વિચારમાં ગૂંથાઉં છું

૧૨૦. હું નીચેના પ્રકારનું વાંચન પસંદ કરું :
(અ) ઐતિહાસિક કલાના નમૂનાઓની શોધખોળ ( બ ) અનિશ્ચિત ( ક ) ગુનાહિત બનાવોની કથાઓ

૧૨૧. મારા સાથીદારો મને મારું ધ્યેય સિદ્ધ કરવામાં મદદ કરે તે હેતુથી તેમના પર છાપ પાડવા માટે મને કાળજીભર્યું આયોજન કરવું ગમે છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૧૨૨. મારા મિત્રો મને સહેજ ભૂલકણો અને અવ્યવહારુ ગણે છે.
(અ) હા ( બ ) અનિશ્ચિત (ક) ના

૧૨૩. પરિચિત વ્યક્તિઓની સાથે
( અ ) હું ફક્ત કામની જ અંગત ન હોય તેવી વાતો કરું છું. ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે.
( ક ) વ્યક્તિઓ અને તેમની લાગણી-વિચાર વિશે વાતો કરું છું.

૧૨૪. પૂરતાં કારણો ન હોય તો પણ મને કેટલીકવાર દુઃખી થઈ ગયાની, હતોત્સાહ થઈ ગયાની લાગણી થઈ આવે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૨૫. સમાજને દોરવાનું કામ તર્કબદ્ધ વિચારધારાને આધીન વધુ હોવું જોઈએ અને લાગણીપ્રધાન પરંપરાગત માન્યતાઓને આધીન ઓછું હોવું જોઈએ.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૨૬. અજાણ્યા શહેરમાં કોઈ જગ્યા શોધવા માટે હું
( અ ) લોકોને તે જગ્યા ક્યાં છે તે પૂછું. ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) મારી સાથે તે શહેરનો નકશો રાખું.

૧૨૭. ભુલકણા ન થવાય અથવા વિગતો ભૂલી ન જવાય તેની હું કાળજી રાખું છું.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૨૮. અકસ્માત થવામાંથી સહેજમાં બચી જવાયા પછી અથવા તો રસપ્રદ ચર્ચા અને દલીલો પછી પણ હું અસ્વસ્થતાથી અને થાકની લાગણી અનુભવું છું અને મારું પડતું મુકેલું કામ શરૂ કરવામાં મને મુશ્કેલી પડે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૨૯. મને આનંદ પડે તેવો શોખ વિકસાવવા માટે હું
( અ ) ફોટોગ્રાફીનું કામ પસંદ કરું. ( બ ) અનિશ્ચિત ( ક ) ચર્ચામંડળમાં જોડાવાનું પસંદ કરું.

૧૩૦. 'ન્યાય' અને 'કાયદા' ને જેવો સંબંધ છે તેવો જ સંબંધ 'વિચાર' ને કોની સાથે છે ?
( અ ) શબ્દો ( બ ) લાગણીઓ ( ક ) સિદ્ધાંત

૧૩૧. આધુનિક જીવનમાં હેરાન કરે તેવી ઘણીબધી હતાશાઓ અને અંકુશો ઊભા થાય છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ખોટું

૧૩૨. જીવનમાં સૌથી અગત્યની બાબત મને રુચે તે કામ કરવું એ જ છે એમ હું માનું છું.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૧૩૩. પાછળથી મુશ્કેલીમાં મુકાવું પડે છતાં પણ ક્ષણિક આવેગ પ્રમાણે કામ કરવું [ વર્તવું ] મને ગમે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે ( ક ) ના

૧૩૪. અવ્યવસ્થા જોવી મને બિલકુલ પસંદ નથી.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૧૩૫. નવી વ્યક્તિઓના સમૂહમાં જોડાવાનું બને તો હું તુરત જ તેમાં ભળી જાઉં છું.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના.

૧૩૬. શિક્ષકો, ન્યાયાધીશો અને સંસ્કારી માણસોનો મોભો વેરવિખેર કરવાનું મને હંમેશાં આનંદ આપે છે.
( અ ) હા ( બ ) 'અ' અને 'ક'ની વચ્ચે ( ક ) ના

૧૩૭. સામાન્ય મુશ્કેલીઓમાં હું મોટાભાગે આશા છોડી દેતો નથી.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૧૩૮. કલાનાં અને અધ્યાત્મનાં સત્યોની શોધ કરવાને બદલે વ્યવહારુ બની આર્થિક રીતે સફળ થવામાં મને ઓછો રસ છે.
( અ ) સાચું ( બ ) 'અ' અને 'ક'ની વચ્ચે ( ક ) ખોટું

૧૩૯. વિવેક અને માનવીય સંબંધો ભૂલી જવાય તેટલી હદે ઉશ્કેરાઈને કલા, ધર્મ અથવા રાજકીય બાબતોની ચર્ચામાં ભાગ લેવાનું મારે માટે ભાગ્યે જ બને છે.
( અ ) સાચું ( બ ) અનિશ્ચિત ( ક ) ખોટું

૧૪૦. ગાડી પકડવાની હોય ત્યારે પૂરતો સમય છે તેની મને ખબર હોવા છતાં હું ઉતાવળ કરું છું અને તાણ અનુભવું છું.
( અ ) હા ( બ ) કેટલીકવાર ( ક ) ના

૧૪૧. જો કોઈ સામાજિક દૃષ્ટિબિંદુ પરત્વે કોઈ સાથે મતભેદ ઊભો થાય તો
( અ ) મૂળમાં અમારા દૃષ્ટિબિંદુના તફાવતનો શો અર્થ છે તે શોધવાનું મને ગમે.
( બ ) અનિશ્ચિત ( ક ) બંનેને સંતોષ થાય તેવા વ્યાવહારિક ઉકેલ પર પહોંચવું મને ગમે.

૧૪૨. મારી ઇચ્છા પ્રમાણે હું કામ કરું છું ત્યારે સામાન્ય રીતે
( અ ) મારા કામને મારા અંગત મિત્રો જ સમજી શકે છે. ( બ ) 'અ' અને 'ક'ની વચ્ચે.
( ક ) મોટા ભાગના લોકો હું બરાબર કરું છું તેમ સ્વીકારે છે.

૧૪૩. કેટલાક લોકો મારી જવાબદારીની ભાવનાની ટીકા કરે છે.
( અ ) હા ( બ ) અનિશ્ચિત ( ક ) ના

૧૪૪. કેટલાક પ્રસંગોએ મારી લાગણી અને આવેગ પર કાબૂ રાખી શકાતો નથી.
( અ ) સાચું   ( બ ) અનિશ્ચિત   ( ક ) ખોટું

૧૪૫. મને નીચેનું કામ કરવું પસંદ પડે :
( અ ) બાળકોની રમત પર દેખરેખ રાખવી.   ( બ ) અનિશ્ચિત
( ક ) ઘડિયાળ રીપેરનું ( સમારવાનું ) કામ કરવું

૧૪૬. નીચેનામાંથી કયો શબ્દ બીજા બે કરતાં જુદો પડે ?
( અ ) બીજો   ( બ ) એકવાર   ( ક ) એકલો

૧૪૭. પરિચિત શબ્દોના વિચિત્ર ઉપયોગને કારણે કેટલાક લોકો શું કહે છે તે સમજવાની મને મુશ્કેલી પડે છે.
( અ ) હા   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) ના

૧૪૮. બોલતી વેળાએ મારો અવાજ.
( અ ) પહાડી હોય છે.   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) મધુર હોય છે.

૧૪૯. 'પડશે તેવા દેવાશે', 'બધું મારા માટે સરખું જ છે' એવું માનનાર વ્યકિત તરીકે મને વર્ણવી શકાય.
( અ ) હા   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) ના

૧૫૦. બીજાની વાપરવા લીધેલ વસ્તુ પાછી આપતાં અથવા બીજાને વાપરવા આપેલ વસ્તુ પાછી લેતાં તે કઈ સ્થિતિમાં છે તે હું કાળજીથી ચકાસું છું.
( અ ) હા   ( બ ) અનિશ્ચિત   ( ક ) ના

૧૫૧. અપરિચિત માણસો સાથે વાતચીત કરવાની શરૂઆત કરતાં
( અ ) મને થોડી મુશ્કેલી પડે છે   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે
( ક ) મને સહેજ પણ મુશ્કેલી પડતી નથી.

૧૫૨. ટેલિવિઝન પર નીચેના જેવા કાર્યક્રમો જોવા પસંદ કરું :
( અ ) કોઈ મોટા કલાકારનો શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ   ( બ ) અનિશ્ચિત
( ક ) નવીન શોધખોળ પર માહિતી આપતો વ્યવહારુ કાર્યક્રમ

૧૫૩. ઉચ્ચ નૈતિક વલણો દાખવતા માણસ પ્રત્યે મને રોષની લાગણી થાય છે.
( અ ) હા   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) ના

૧૫૪. કદાચ અવ્યવહારુ હોય તે બીકથી મારા પોતાના વિચારો અમલમાં મૂકતાં હું અચકાઉં છું.
( અ ) હા   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) ના.

૧૫૫. કોઈ બાબતનો સારાસાર ન સમજી શકે અને કલ્પનાશીલ ન હોય તેવા માણસો સાથે હું હમેશાં વિનયથી અને કળથી કામ લઉં છું; તેઓના મનનું સાંકડાપણું ખુલ્લું પાડવાનું મને ગમતું નથી.
( અ ) સાચું   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) ખોટું

૧૫૬. બીજા લોકોએ છબરડો વાળી ગૂંચવેલા પ્રશ્નો ઉકેલવાનું મને ગમે છે.
( અ ) હા   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) ના

૧૫૭. ભૂતકાળના વારસાનું જ્ઞાન અને ડહાપણ નકામું છે એમ કહેતાં પહેલાં લોકોએ વધુ ખચકાવું જોઈએ એમ મને લાગે છે.
( અ ) હા   ( બ ) અનિશ્ચિત   ( ક ) ના

૧૫૮. બીજાઓ સાથે ચર્ચા કરવાથી મને જે વિચારો મળે છે તેટલા જ વિચારો પુસ્તકો વાંચવાથી પણ મને મળે છે.
( અ ) હા   ( બ ) અનિશ્ચિત   ( ક ) ના

૧૫૯. હું મારી જાતને
( અ ) ચપળ, વ્યવહારુ વ્યકિત માનું છું.   ( બ ) 'અ' અને 'ક' ની વચ્ચે   ( ક ) સ્વપ્નશીલ વ્યકિત માનું છું

૧૬૦. ધડાકા સાથે બારણું બંધ કરવાનું મન થાય અથવા કાંઈ ભાંગતોડ કરવાનું મન થાય તેવો ગુસ્સો મને આવે છે.
( અ ) ભાગ્યે જ   ( બ ) કેટલીકવાર   ( ક ) અવારનવાર